### અરવલ્લી જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત

# રજૂ થયેલ અગિયાર પ્રશ્નોનો હકારાત્મક નિકાલ થતા અરજદારોમાં આનંદ



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકના અધ્યક્ષસ્થાને ગુરુવારે યોજાયેલ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૧૪ અરજદારોના પ્રશ્નો પૈકી ૧૧ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરાયો હતો

દર મહિનાના ચોથા ગુરુવારે સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે જે પ્રશ્નોનું આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર નાગરિકો અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો.જેમાં જિલ્લાના અરજદાર દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા,કલેકટર દ્વારા જિલ્લા સ્વાગત અંતગર્ત જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત અરજદારોના વણઉકલ્યા પ્રશ્નોને સાંભળી સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી અરજદારોના પ્રશ્નોનું ઝડપથી અને સમયમર્યાદામાં નિરાકરણ કરવા માટે સૂચના આપી. આમ, જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અતર્ગત ૧૪ પૈકી ૧૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીક, જિલ્લા વિકાસ અધિકારી દીપેન કેડિયા, નિવાસી અધિક કલેક્ટર એન.ડી. પરમાર, ડ્ઢઈડ્ઢછ ડાયરેક્ટર આર. એન. કુચારા તેમજ અન્ય સબંધિત વિભાગના અધિકારીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર પોસ્ટ વિભાગે દેશ વિદેશમાં રાખડી મોકલવા વોટર પ્રૂફ કવરનું વિતરણ શરૂ કર્યું

### રક્ષાબંધન પર્વે બહેનો સ્પીડ પોસ્ટ દ્વારા પોતાના ભાઈને રાખડી મોકલી શકે તેવી વ્યવસ્થા કરાઇ

પાલનપુર તા.૨૫

ભાઈ બહેનના પવિત્ર પ્રેમને ઉજાગર કરતા રક્ષા બંધન પર્વે દેશ વિદેશમા રહેતા પોતાના ભાઈને બહેનો રાખડી મોકલી શકે તે માટે પાલનપુર પોસ્ટ વિભાગ દ્વારા વોટર પ્રૂફ રાખી કવરનું વિતરણ શરૂ કરવામા આવ્યું છે તેમજ બહેનો સ્પીડ પોસ્ટ મારફતે દેશના કોઈ પણ ખૂણે રાખડી મોકલી શકે તેવી વ્યવસ્થા કરવામા આવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,રક્ષા બંધનના પવિત્ર પર્વે બહેનો પોતાના ભાઈની કલાઈ પર રાખડી બાંધી તેના લાંબા આયુષ્ય ની પ્રાથના કરેં છે ભાઈ બહેનના પવિત્ર પ્રેમને ઉજાગર કરતા રક્ષા બંધન પર્વે ને લઈ દરેક બહેનોમાં ભારે ઉત્સાહ હોય છે. જેમાં કેટલીક બહેનોના ભાઈ દેશ વિદેશમા રહેતા હોય તેમને રાખડી કઇ રીતે મોકલવી તેને લઈ મુઝવણમાં હોય છે. ત્યારે હાલ વરસાદની સીઝનમાં રાખડી સુરક્ષિત રીતે અને નિર્ધારિત સમયમા દેશ વિદેશમા પહોંચી શકે તે માટે પાલનપુર હેડ પોસ્ટ વિભાગ દ્વારા રાખડીના વોટર પ્રૂફ રાખી કવર ની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. અને બહેનો દેશ વિદેશમા વસતા પોતના ભાઈને રાખડી મોકલી શકે તે માટે સ્પીડ પોસ્ટ ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જેને લઈ બહેનો સરળતા થી દેશ પરદેશમાં વસતા પોતાના ભાઈઓને રાખડી મોકલી શકશે.






ચંદ્રયાન ત્રણનું સફળ લેન્ડીંગ થવાથી ભારતનો તિરંગો ચંદ્ર પર લહેરાતા સમગ્ર વિશ્વમાં ભારત નામ રોશન થયું હતું. તલોદ શહેર સંગઠન દ્વારા સુભાષ ચોક માં ફટાકડા ફોડી ચંદ્રયાન ત્રણના સફળ લેન્ડીંગ માટે વિજય ઉત્સવમાં સહભાગી થતા તલોદ શહેર પ્રમુખ દામોદરભાઈ પટેલ, મહામંત્રી વિનુભાઈ સુથાર અને નરેન્દ્રસિંહ ઝાલા, લીનાબેન વ્યાસ, કલ્પનાબેન શાહ, દિલીપભાઈ ધાનેક, મહેશભાઈ ચાવડા, જગદીશભાઈ પોકાર તથા અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતા.

# પ્રાંતિજ એકસપેરિમેન્ટલ હાઈસ્કૂલ ખાતે જીવન કૌશલ્ય મેળો યોજાયો

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ એકસપેરિમેન્ટલ હાઈસ્કૂલ ખાતે જીવન કૌશલ્ય મેળા નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સ્કુલ ના વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પ્રાંતિજ ખાતે આવેલ એકસપેરિમેન્ટલ હાઈસ્કૂલ ખાતે ધોરણ-૬ થી ૮ ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય મેળાનુ આયોજન કરવામા આવ્યુ હતુ આ મેળા થકી લાઈફ થતી સ્કીલના હેતુઓ વિધાર્થીના જીવન જીવવા-સ્વાવલંબી બનવા તથા શારીરિક અને માનસિક ક્ષમતાઓ ખીલે અને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શાંતિમય જીવન જીવતા શીખે તેનો મુખ્ય ઉદ્દેશ હતો આ લાઈફ સ્કીલ મેળામા રંગોળી , ટાયર પંક્ચર કરવુ , ફયુજ બાંધવો , સ્ક્રુ લગાવવો , શરીર ની સ્વચ્છતા ,હાથ ઉપર મહેંદી લગાવવી વેસ્ટ માંથી બેસ્ટ બનાવવુ , વ્યસનથી થતા નુકસાન ની સમજ આપવામા આવી હતી તો આ કાર્યક્રમ મા તમામ વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો તો શિક્ષકોએ સુંદર માર્ગદર્શન આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો








આઝાદીના ૭૫ વર્ષ બાદ ભારતે સમગ્ર વિશ્વમાં ઈતિહાસ રચી દીધો છે આજે ભારતની અંતરિક્ષ સંસ્થા ISRO દ્વારા પ્રક્ષેપણ કરવામાં આવેલા ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડીંગ થયું છે ચંદ્રની સપાટી પર ઉપગ્રહ ઉતારનાર ભારત દુનિયાનો ચોથો દેશ બન્યો છે અને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉપગ્રહ ઉતારનાર ભારત દુનિયાનો પ્રથમ દેશ બન્યો છે ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બાદ બનાસકાંઠા જીલ્લાના ધાનેરા ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો હોદેદારો સહીત ધાનેરા નગરજનો એ ઈસરો ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને ફટાકડા ફોડી ભારત માતાકી જય નારા થી ધાનેરા શહેર ગુંજી ઉઠ્યું હતું.તો બીજી બાજુ ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બાદ સમગ્ર દેશમાં જશ્નનો માહોલ સર્જાયો જોવા મળ્યો હતો સમગ્ર દેશમાં દિવાળી હોય તેવો માહોલ જોવા મળી રયો છે અને લોકો ફટાકડા ફોડી રહ્યા છે અને મીઠાઈઓ વહેંચી રહ્યા છે આનંદ વ્યક્ત કરી ભારતના વડાપ્રધાન તેમજ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસા હાઈસ્કૂલમાં NDRF ટીમ અને ફાયર બ્રિગેડ દ્વારા મોકડ્રિલ યોજાઈ





મોડાસા, તા. ૨૫

અરવલ્લીના મોડાસામા કે. એન.શાહ હાઈસ્કૂલ ખાતે NDRFની ટિમ દ્વારા ડીઝાસ્ટર ભૂકંપ સમયે આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.અરવલ્લી ડીઝાસ્ટર કંટ્રોલ વિભાગ મોડાસા ખાતે ભૂકંપ અંગેની ઓન સાઈટ મોકડ્રીલ NDRF અને ડિઝાસ્ટર અને ફાયરની ટીમના સહયોગથી યોજાયું હતું. જેમાં ભૂકંપ સંદર્ભે પૂર્વ તૈયારી, ઉપલબ્ધ સાધન સામગ્રી, મેન પાવર અને રીસપોન્સ ટાઈમની ચકાસણી કરી હતી.સમગ્ર મોકડ્રીલનું નિરીક્ષકો દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું. મોડાસા હાઈસ્કૂલમાં યોજયેલ મોકડ્રિલથી સમગ્ર વિસ્તારમાં કુતુહુલ સર્જાયું, ચિંતાની લકીરો તણાઈ આખરે મોકડ્રિલ હોવાની જાણ થતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો. મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં શુક્રવારે ૧૧ વાગ્યાના સુમારે ભૂકંપ સમયે ઉભી થતી આપદા સામે કઈ રીતે સુરક્ષિત રહી શકાય અને ભૂકંપમાં ફસાયેલ લોકોને મદદરૂપ થઈ શકાય તે માટે NDRF ટીમ દ્વારા મોકડ્રિલ યોજાઈ હતી જેમાં એનડીઆરએફની ટીમે દિલધડક રેસ્ક્યુ ઓપરેશનની કામગરી દર્શાવી હતી મોકડ્રીલ દરમિયાન તબીબ અધિકારીઓ, સિવિલ સ્ટાફ, ફાયરકર્મીઓ હાજર રહ્યા.ફાયરબ્રીગેડ દ્વારા દર્દીઓને ગોલ્ડન ટાઈમમાં સારવાર અપાઇ છે કે નહી તેની ચકાસણી કરવામાં આવી હતી.હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા બાકીના દર્દીઓમાં ગભરાટ ફેલાય તે માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવ્યુ હતું. તબક્કે ઉંમરલાયક દર્દીઓ, મહીલાઓ અને બાળકો જેવા વલ્નરેબલ ગૃપને પ્રાથમિકતા આપવાની બાબત ઉજાગર કરી હતી. U/S અજય કે.આર.સિંઘ (DC) અને U/C ઈન્સ્પેકટર સાગર મલ કુલહારી દ્વારા મોકડ્રિલનું નિરક્ષણ કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલમા તમામ લાઈન વિભાગ,પ્રાંત અધિકારી મોડાસા, મામલતદાર મોડાસા,તાલુકા વિકાસ અધિકારી , ફાયર ઓફિસર, ચીફ ઓફિસર, જિલ્લા શિક્ષણાધિકારી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, આર એન્ડ બી સ્ટેટ વગેરે તમામ સ્થળ ઉપર હજાર રહ્યા હતા.મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પાલનપુર પાતાળેશ્વર મહાદેવ મંદિરનાં દર્શન, આરતી લાઈવ મોબાઈલ પર જોઈ શકાશે

### ઇન્સ્ટાગ્રામ પર ક્યુઆર કોડ સ્કેન કરવાથી આરતી નિહાળી શકાશે

પાલનપુર તા.૨૫

પાલનપુરમાં આવેલ પાતાળેશ્વર મહાદેવ મંદિરનાં દર્શન તથા આરતી શ્રાવણ મહિના દરમિયાન વિશ્વના કોઇપણ ખૂણાથી તમારા મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી લાઇવ જોઇ દર્શન કરી શકાય તેવી વ્યવસ્થા મંદિરના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.આ અને વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, હાલમાં શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના મધ્યમાં આવેલ અને હિન્દુ સંગઠન સંચાલિત સુપ્રસિદ્ધ અલૌકિક પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં ૩૧ ઓગષ્ટ સુધી શ્રાવણ મહિના દરમિયાન તંત્ર આ વખતે ટેકનોલોજી પર ભાર મુક્યો છે. વિશ્વના કોઈપણ ખૂણે બેઠા લોકો ઈન્સ્ટાગ્રામ સાથે પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં આરતી-દર્શન લાઈવ નિહાળી શકશે. મંદિરના પુજારીએ જણાવ્યું હતું કે 'ડિજિટલ ઈન્ડિયા યુગમાં અત્યારે મંદિરમાં સૌથી વધારે યુવાન વર્ગ દર્શન કરવા આવે છે.અમારા મંદિરના ટ્રસ્ટ દ્વારા વિશ્વના કોઈપણ ખૂણે બેઠા વ્યક્તિને ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી પાલનપુરમાં આવેલ પાતાળેશ્વર મહાદેવ મંદિરના દર્શન અને આરતીનો લાભ મળી શકે એ માટેનાં પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં છે. જેથી દૂર બેઠા લોકોને દર્શન તથા આરતીનો લાભ મળી શકાશે. મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ ઓપન કરીને ક્યુઆર કોડ સ્કેન કરવાથી મંદિરનાં દર્શન તથા આરતી નિહાળી શકાશે.








ભાજપ ખેડબ્રહ્મા શહેર બુથ ૧૯૩ માં નવા મતદાર નોંધણી કરાવી "મતદાર ચેતના"અભિયાન નો પ્રારંભ કર્યો, ખેડબ્રહ્મા શહેર બુથ ૧૯૩ ના બુથ પ્રમૂખ ગોપાલભાઈ પટેલ સાબરકાંઠા બેંક ના ડિરેક્ટર ની વર્ણી કરવામાં આવી તેમાં ખેડબ્રહ્મા ભાજપ શહેર પ્રમુખ અરવિંદભાઈ રાવલ.ભાજપ મહામંત્રી પ્રશાંત ભાઈ પટેલ... વિધાનસભા સોશિયલ મીડિયા..જિગરભાઈ વૈષ્ણવ. તથા યુવામોર્ચા ના મહામંત્રી મિલન પટેલ હાજર રહી ખેસ પહેરાવી સ્વાગત કર્યું.

# ડીસા બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા શ્રમ રથનું શાહી સ્વાગત

ડીસા, તા. ૨૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફર જનતાને સ્વચ્છ સલામત અને કિફાયતી સેવા મળી રહે તેવા અભિયાનના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર એસટી વિભાગના નિયામક કિરીટભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસટી વિભાગ દ્વારા સ્વચ્છતા શ્રમ રથનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં એસટી વિભાગ દ્વારા એક પ્રકારનુ નાટક ભજવી સ્વચ્છતા અભિયાનને વેગ આપવા લોકજાગૃતિ અભિયાન શરૂ કર્યું છે જે સ્વચ્છતા શ્રમ રથનુ ડીસા શહેરમાં આગમન થતાં ડીસા એસટી વિભાગ દ્વારા ઉત્સાહ ભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, એપીએમસી ચેરમેન ગોવાભાઈ રબારી, ડીસા નગરપાલિકાના ઉપપ્રમુખ સવિતાબેન હરિયાણી, નયનાબેન સોલંકી તથા એસટી ડેપો મેનેજર સોનલબેન પટેલનું એસટી વિભાગ દ્વારા પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ડીસા એસટી વિભાગના કર્મચારીઓ અને ડ્રાઈવર કંડકટર તથા ડીસા શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડેપો મેનેજર સોનલબેન પટેલ દ્વારા મુસાફર જનતાને અપીલ કરવામાં આવી કે સ્વચ્છ, સલામતી અને કિફાયતી મુસાફરી માટે બસોની અંદર પાન- ગુટકાની પિચકારી મારીને, પડીકા ખાઈને તેનો કચરો બસમાં નાખો નહીં , તેમજ એસટી ડેપોની મુલાકાત લો ત્યારે એસટી ડેપોના ખૂણા ખાચરે, ટોયલેટ, બાથરૂમ તેમજ ડેપોના પરીસરમાં કોઈપણ પ્રકારનો ગંદો કચરો, કે થુંકીને કે પિચકારી મારીને કે જાહેરમાં પેશાબ કરીને ગંદકી ન કરવા માટેની અપીલ કરવામાં આવી છે . વધુમાં ડેપો મેનેજરે જણાવ્યું કે વર્કશોપ સાઈટમાં બસોને પૂરેપૂરી પાણીથી ધોઈને તેમજ કંટ્રોલ પોઈન્ટ ઉપર પણ કાયમ માટે સફાઈ જળવાઈ રહે તે માટે એસટીના કર્મચારીઓ ,સફાઈ કામદારો સાથે મળીને આ સ્વચ્છતા અભિયાન આદરવામાં આવ્યું છે , જેમાં મુસાફર જનતા અમને પુરેપુરો સાથ સહકાર આપે તો ડીસા એસટી ડેપોને કાયમ માટે સ્વચ્છ રાખી શકાય તેમ છે. એસટી ડેપો મેનેજરની સાથે એટી.આઈ.ટી.આઈ. ટ્રાફિક શાખા અને ડ્રાઈવર કંડક્ટર મળીને આ સફાઈ અભિયાનને સફળ બનાવવા માટેના પ્રયાસો કરી રહ્યા છે.

